ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

દાહોદમાં દેવગઢ બારીયા સરકારી હોસ્પિટલમાં એસીબીની સફળ ટ્રેપ

તબીબી અધિક્ષક રૂ.40 હજારની લાંચ લેતા ACBના છટકામાં ઝડપાયા

એસીબીની કડક કાર્યવાહીથી લાંચ લેનારા તત્વોમાં ફફડાટની લાગણી વ્યાપી ગઇ છે



(પ્રતિનિધી) દાહોદ તા.6

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા સ્થિત જે.એસ. ચૌહાણ સરકારી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક (વર્ગ-1) ડો. રહીમભાઈ ઈબ્રાહમભાઈ મેમણ રૂ.40 હજારની લાંચ લેતા ગાંધીનગર ACBના છટકામાં રંગેહાથ ઝડપાયા હોવાની માહિતી સામે આવી છે. મળતી માહિતી મુજબ, હોસ્પિટલમાં રિસ્ટ્રીક્ટ રેસીડેન્સી પ્રોગ્રામ (DRP) અંતર્ગત કુલ 8 સહવિદ્યાર્થીઓની નિમણૂક કરવામાં આવી હતી. આક્ષેપ મુજબ, વિદ્યાર્થીઓને સારી ડ્યુટી ફાળવવા તેમજ નોકરી દરમિયાન હેરાન નહીં કરવા બદલ એક વિદ્યાર્થી દીઠ રૂ.5 હજાર લેખે કુલ રૂ.40 હજારની લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચની રકમ આપવા ઇચ્છુક ન હોવાથી ગાંધીનગર ACB પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે ACB દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન આરોપી તબીબી અધિક્ષકે ફરિયાદી પાસેથી રૂ.40 હજારની લાંચની રકમ સ્વીકારતાં ACBની ટીમે તેમને ઝડપી પાડ્યા હતા. સમગ્ર મામલે ACB દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ એસીબીની આ કડક અને દંડનીય કામગીરીથી લાંચ લેનારા લોકોમાં અને લાંચિયા અધિકારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઇ છે આગામી દિવસોમાં પણ એસીબી દ્વારા આવી કામગીરી કરાય અને જનતાના પ્રશ્નો વગર લાંચ કે રુશ્વતે સરળતાથી નિકાલ થઇ જાય અને સરકારી કામોમાં કોઇ અડચણ ના પડે માટે તંત્ર પણ સજાગ છે.

પંચમહાલમાં ચાઈનીઝ માંઝા અને ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) ગોધરા, તા.6

પંચમહાલ જિલ્લામાં આગામી ઉત્તરાયણ અને દિવાળી જેવા તહેવારો દરમિયાન જાહેર સલામતી, પર્યાવરણ અને પશુ-પક્ષીઓના રક્ષણ અર્થે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અન્વયે પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાઈનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન), ચાઈનીઝ માંઝા, નાયલોન દોરી, કાચ પાયેલી દોરી, પ્લાસ્ટિક દોરી, સિન્થેટીક માંઝા, મેટલીક થ્રેડ (ધાતુ મિશ્રિત દોરા) તથા ઓડીયો મેગ્નેટીક ટેપ ખરીદવા, વેચવા, ઉત્પાદન કરવા, આયાત કરવા કે સંગ્રહ કરવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રકારની દોરી અને ચાઈનીઝ તુક્કલના કારણે માનવજીવ, પશુ-પક્ષીઓ તેમજ જાહેર અને ખાનગી માલ-મિલકતને મોટું નુકસાન થાય છે.

એક ઇસમ ડબલારા જ્યારે બીજો આફવા ગામનો હતો

સુખસર બસ સ્ટેશન ચોકડી પાસે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એક ને ઈજા



(પ્રતિનિધિ) સુખસર,તા. 6

ગઈકાલે સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં સુખસર બસ સ્ટેશન ચોકડી પાસે બે મોટર સાયકલો વચ્ચે અકસ્માત થતાં એકને મોઢા ઉપર ઈજાઓ પહોચવા પામી હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલ વિગતો મુજબ આજરોજ સાંજના સાડા ચારેક વાગ્યાના અરસામાં સુખસર બસ સ્ટેશન ચોકડી ઉપર બે મોટરસાયકલો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

તેમાં એક મોટરસાયકલ ચાલક સુખસર તાલુકાના ડબલારા ગામના દિનેશભાઈ બારીયા પોતાના કબજાની સ્પેલેન્ડર મોટરસાયકલ નંબર જીજે.07-બીએસ.3870 ઉપર સુખસરમાં કામ અર્થે આવી પરત ઘરે જવા નીકળ્યા હતો.અને તેવા સમયે પલ્સર મોટરસાયકલ નંબર જીજે-- 20-એઆર.1854 નો ચાલક ઉપેશભાઈ લાલુભાઈ વળવાઈ રહે. આફવાના પોતાના કબજાની મોટરસાયકલ ઉપર આવી રહ્યો હતો. તેવા સમયે સુખસર બસ સ્ટેશન ચોકડી ઉપર આવતા આ બંને મોટરસાયકલો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અને આ બંને મોટરસાયકલ ચાલકો રસ્તા ઉપર પડ્યા હતા. ત્યારે ઉપેશ વળવાઈને મોઢાના ભાગે ઈજા થતાં એક દાંત પણ પડી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.જ્યારે દિનેશ બારીયાને પણ સામાન્ય ઈજા પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે.

કાલોલમાં ગરબા રસીકોની સુવિધા માટે પંચમહાલ સાંસદ આગળ આવ્યા

કાલોલના મહાલક્ષ્મી ચોક ખાતે સાંસદે સ્વ-ખર્ચે ડામર રોડ બનાવડાવ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.6

કાલોલના વર્ષો જૂના અને આસ્થાના કેન્દ્ર સમાન મહાલક્ષ્મી ચોકના ગરબા મહોત્સવના આયોજકો તથા સ્થાનિક નગરજનો દિલીપભાઈ દવે, આશિષ સુથાર, આશિષ જોશી અને કેતન કાછિયાએ પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવને રસ્તા બાબતે રજૂઆત કરી હતી. નગરજનો અને ગરબા રસિકોની આ રજૂઆતને ગંભીરતાથી લઈને પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવે ત્વરિત નિર્ણાયકતા દર્શાવી હતી. તેમણે નવરાત્રીના પાવન પર્વ દરમિયાન ખેલૈયાઓને ગરબા રમવામાં કોઈ તકલીફ ન પડે અને તેઓ સરળતાથી રમી શકે તે માટે ગત મોડી રાત્રે સ્વ-ખર્ચે ડામર રોડ બનાવી આપ્યો હતો.રાત્રિ દરમિયાન રોડ નિર્માણની આ કામગીરી સમયે કાલોલ ભાજપ પ્રમુખ કલ્પેશ પારેખ, નગરપાલિકા પ્રમુખ હસમુખ મકવાણા, આયોજકો આશિષ સુથાર, આશિષ જોશી, કેતન કાછિયા, દિલીપ દવે, યુવરાજસિંહ તેમજ પાલિકાના અન્ય સભ્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ રાજપાલસિંહ જાદવની આ ઉદારતા અને ત્વરિત કામગીરીને ગરબા આયોજકો અને સ્થાનિક નગરજનોએ સહર્ષ બિરદાવી હતી. નવરાત્રીના આ પવિત્ર દિવસોમાં મા અંબા અને મહાલક્ષ્મી માતાજીના ભક્તો તથા ખેલૈયાઓમાં ખુશીની લહેર ફરી વળી હતી. સૌ માઈ ભક્તોએ સાંસદને માતાજીના અપરંપાર આશીર્વાદ પ્રાપ્ત થાય તે માટે ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

પંચમહાલ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન

ગોધરામાં સેવાના રંગ રાષ્ટ્રના સંગ થીમ આધારિત રંગોળી સ્પર્ધા યોજાઈ

પંચમહાલમાં ૨૦૦ શાળાઓના વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો



(પ્રતિનિધી) ગોધરા, તા.6

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર પંચમહાલ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવાના રંગ રાષ્ટ્રના સંગ થીમ આધારિત રંગોળી અને કોલાજ વર્ક સ્પર્ધાનું સેન્ટ આર્નોલ્ડ સ્કૂલ, ગોધરા ખાતે સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પંચમહાલ જિલ્લાની અંદાજે ૨૦૦ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ વિવિધ રંગો, કુદરતી સામગ્રી, અનાજ, રેતી તથા કાપડના ટુકડાઓનો ઉપયોગ કરીને રાષ્ટ્રપ્રેમ, સમાજ સેવા, વિકસિત ભારત ૨૦૪૭, બેટી બચાવો-બેટી પઢાઓ અને પોષણ આહાર જેવા વિષયો પર કલાત્મક કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કલેક્ટર અજય દહિયા તથા જિલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય એ કૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું.

મામલતદાર કચેરી કાલોલ ખાતે જમા કરાવાયું

કાલોલના એરાલ માંથી ગેરકાયદેસર લાકડા વહન કરતું વાહન ઝડપાયું



(પ્રતિનિધી) કાલોલ, તા.6

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે રહેતા એક વ્યક્તિ દ્વારા કાલોલ તાલુકાના એરાલ ગામના સર્વે નંબર ૧૩૨૧ માંથી રાયણ અને લીમડા જેવા પ્રકારના ઝાડના લાકડા વગર પાસ-પરમિટ અને ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવી રહ્યા હતા. આ ગેરકાયદેસર લાકડા ભરેલું વાહન નંબરઃ GJ02 L 8196 રાત્રિના આશરે ૦૮:૦૦ કલાકે વેજલપુર-મહેલોલ ખાતેથી પકડાઈ ગયું હતું.

અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરીને પાસ-પરમિટની માંગણી કરવામાં આવતા, વાહનચાલક કે માલિક પાસે કોઈ વૈધ પાસ-પરમિટ મળી આવી નહોતી. આથી ગેરકાયદેસર રીતે જતી આ લાકડા ભરેલી ગાડીને તાત્કાલિક ધોરણે મામલતદાર કચેરી, કાલોલ ખાતે લઈ જવામાં આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપી/જવાબ આપનારઃ અનસ સબીર દાવ ઉંમર આશરે ૩૫ વર્ષ, રહે. મુસ્લિમ સોસાયટી, ગોધરા એરાલ ગામના સર્વે નંબર ૧૩૨૧ માંથી રાયણ અને લીમડાના લાકડા જપ્ત સ્થળ વેજલપુર મહેલોલ વાહન માલિક દ્વારા વાહનને મુક્ત કરાવવા માટે જે પણ સરકારી દંડ કે પ્રોસેસ ફી ભરવાની થશે તે માટે સંમતિ દર્શાવવામાં આવી છે.

બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ

કાલોલના પલાસા ગામે જમીન અને રસ્તાના વિવાદમાં સામસામે ધિંગાણું

પોલીસે બંને પક્ષની ફરિયાદ અન્વયે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) કાલોલ, તા.6

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના પલાસા ગામે રહેતા બે પરિવાર વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થયા બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હતો, જેમાં બંને પક્ષે એકબીજા સામે ગાળાગાળી કરવા, માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપો સાથે કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.મીનાબેન ઘનશ્યામકુમાર વણકરે નોંધાવેલી ફરિયાદ મુજબ, સવારના આશરે ૧૧:૦૦ વાગ્યાના સુમારે તેઓ પોતાના ઘરે હતા, ત્યારે ફળીયામાં રહેતા કપીલાબેન ઉર્ફે સુમનબેન કીરીટભાઈ વણકર તેમના ઘરે આવ્યા હતા અને "આ બધી જગ્યા અમારી છે, તારે આ જમીનમાં પગ મુકવો નહીં" તેમ કહી ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. બૂમાબૂમ થતાં સામા પક્ષેથી મિનપાબેન ઉર્ફે મંગુબેન મુકેશભાઈ વણકર, ગંગાબેન પરસોત્તમભાઈ વણકર અને હીતેષભાઈ કીરીટભાઈ વણકર આવી પહોંચ્યા હતા અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.બીજી તરફ, મંજુબેન મુકેશભાઈ વણકરે પણ સામી ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ વાડામાંથી ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં ચા અને એઠવાડ નાખવા બાબતે બાબાલ થઈ હતી. આ મુદ્દે બોલાચાલી થતાં મીનાબેન ઘનશ્યામભાઈ વણકર, સંજયભાઈ ભગાભાઈ વણકર અને રત્નાભાઈ પુજાભાઈ વણકરે તેમની સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો તેમજ મા-બહેન સમાણી ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કાલોલ પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

કાલોલની અમૃત વિદ્યાલયના ટ્રસ્ટી ઝળક્યાં

કવિશ ગડિયાને 'ગુજરાતનું ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરાયા



(પ્રતિનિધી) કાલોલ, તા.6

શિક્ષણ અને સમાજ નિર્માણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ તથા સમર્પિત કામગીરી બદલ કાલોલ સ્થિત અમૃત વિદ્યાલયના ટ્રસ્ટી કવિશ ગડિયાને BIG FM દ્વારા પ્રતિષ્ઠિત 'ગુજરાતનું ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન સમારોહ દરમિયાન BJYMના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વડોદરાના સાંસદ ડૉ. હેમાંગભાઈ જોશીના વરદ હસ્તે કવિશ ગડિયાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. શિક્ષણ ક્ષેત્રે કવિશ ગડિયાનું દૂરંદેશી વિઝન, પ્રેરણાદાયી નેતૃત્વ અને વિશિષ્ટ કાર્યશૈલી શૈક્ષણિક જગત સાથે જોડાયેલા લોકો માટે સતત માર્ગદર્શક બની રહ્યા છે. આ પ્રતિષ્ઠિત સિદ્ધિ બદલ અમૃત વિદ્યાલય પરિવાર સહિત સમગ્ર કાલોલ તાલુકાના શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ અને નાગરિકોમાં હર્ષ-ઉલ્લાસની લાગણી છવાઈ છે.વિવિધ ક્ષેત્રના રાજકીય અને સામાજિક આગેવાનોએ કવિશ ગડિયાને આ બહુમાન બદલ અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ સમાજના સાચા રત્નોની કદર કરી પ્રતિષ્ઠિત મંચ પૂરો પાડવા બદલ BIG FMની સમગ્ર ટીમનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

મરામત કામમાં ગેરરિતી આચરાયાની શંકા સાથે ઈજારદાર સામે રોષ

દે.બારીયાના રૂવાબારી અને ઉધાવળા કેનાલના રીપેરીંગ કામમાં વેઠ ઉતારી



(પ્રતિનિધી) દાહોદ, તા.6

દેવગઢ બા રીયાના રૂવાબારી અને ઉધા વળા કેનાલના રીપેરીંગ માં વેઠ ઉતારતા ઈજારદાર સામે રોષ દે વ ગ ઢબારિયા તાલુકામાં મોટી ખજૂરી નજીક વાકલેશ્વર ડેમ આવેલ છે આ ડેમ માંથી ધાનપુર અને દેવગ ઢ બારીયા એમ બંને તાલુકાના - ૧૦૦ જેટલા ગામડાના ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહેતું હોય છે. આ વાકલેશ્વર ડેમ માંથી નજીકના ગામડા ના ખેડૂતોને સિંચાઈ માટે નહેર મારફતે પાણી પૂરું પાડવામાં આવે છે. હાલમાં રૂવાબારી તે મ જ ઉધાવળા ગામ ખાતે આવી તૂટી ગયેલ તેમજ જૂની નહેરોને તો ડીને નવીન નહેરો બનાવવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ કામગીરીમાં હલકી ગુણવત્તા નું મટેરિયલ આરસીસી કામમાં વપ રાતું હોઈ જેને કારણે કામગીરીની કોઈ ટકાઉ ગુણવત્તા જણાતી નથી. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ આ નહેરની નવીન બાંધકામની કામગીરી શરૂ કર્યા પછી નિયમિત પા ણી નો છંટકાવ નહીં થવાથી નહે ર નું બાંધકામ લાંબા સમય સુધી વ ધારે ટકાઉ નહીં રહી શકે. માત્ર ત્રણ ઈંચ જેટલો નજીવા આરસીસી બાંધકામમાં લોખંડનો પણ ઉપયોગ થવો જોઈએ તે થયો નથી. જેથી આ નહેરના નવીની કરણની બોગસ અને તકલાદી કામગીરી સ્પષ્ટ જણાઈ રહી છે. નહેરની આ કામગીરી દરમિયાન જે તે જવાબદાર અધિકારી પણ કોઈ કોઈ વખત સ્થળ મુલાકાત લેતા હોય તો તેમને ખબર વાળા કરી રહ્યા છે.

દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા બે માથા ધરાવતો સાપનું રેસ્ક્યુ કરાયું



(પ્રતિનિધી) કાલોલ, તા.6

દાહોદ, પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ દ્વારા વિવિધ પ્રજાતિના વન્ય જીવોના રેસ્ક્યુ કરી બચાવી લેવાતા હોય છે ત્યારે જોગાનુજોગ મંડળના સ્થાપના દિવસે તા.૪ ઓક્ટોબરે જ રેસ્ક્યુનો એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે વન્યજીવ નિષ્ણાતો અને પર્યાવરણ પ્રેમીઓને ભારે આશ્ચર્યમાં મુકી દીધા છે. પ્રકૃતિ મિત્ર મંડળન રેસ્ક્યુઅર ટીમે, દાહોદ વનવિભાગના સહકાર થકી દાહોદ અને સંભવિત સમગ્ર રાજ્યમાં પહેલી જ વખત અત્યંત દુર્લભ ગણાતો અને બે સ્વતંત્ર મોઢા ધરાવતો વુલ્ફ સ્નેક (વરુદંતી - Wolf Snake) રેસ્ક્યુ કર્યો છે. સામાન્ય રીતે વુલ્ફ સ્નેક (વરુદંતી) એ એક એવો બિન-ઝેરી સાપ છે, જે માનવજાત માટે બિલકુલ હાનિકારક હોતો નથી. ઘરોની આસપાસ જોવા મળતી ગરોળીઓ અને નાના જીવો તેનો મુખ્ય ખોરાક હોય છે. આ સાપ આપણી ઈકો સિસ્ટમ માટે ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે.

પીપલોદથી સંજેલી જતા સ્ટેટ હાઈવે પર ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય



(પ્રતિનિધી) સિંગવડ, તા.6

પીપલોદથી સંજેલી જતા સ્ટેટ હાઈવેના રસ્તાની બંને બાજુએ ઝાડી-ઝાં ખ રા ઉગીનીકળતા લોકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. રસ્તા પર ઝાંખરા વધી જવાના કારણે સામેથી આવતા વાહનો દે ખા તા નથી, તેમજ વળાંક પર દ્રશ્યતા ઓછી થઈ જતા અકસ્માત થવાની શક્યતા વધી ગઈ છે. જ્યારે આ રસ્તા પરથી શાળા ના બાળકો પણ ભણવા માટે આવતા જતા હોય છે અને આ ઝાડી ઝાખરા ઉગી જતા તે પણ રસ્તા પર ચાલતા હોય છે જો આ ઝાડી ઝાખરા કાપી નાખવામાં આવે તો તે વિદ્યાર્થીઓ તથા રસ્તે ચાલતા રાહદારીઓ પણ રસ્તાની સાઈડમાં ચાલી શકે અને કોઈ નુકસાન નહિ થઈ શકે તેમ છે જ્યારે ખાસ કરીને રાત્રિના સમયે અ ને વરસાદી માહોલમાં જોખમ વધુ વધી જાય છે. જ્યારે વાહન ચાલકોની માંગ છે કે, કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલા તાત્કાલિક ધોરણે રસ્તાની સાફ-સફાઈ કરી ઝાડી-ઝાંખરા દૂર કરવામાં આવે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી રૂ. ૩૭.૯૮ લાખના વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

કાલોલ : દિલ્હી-મુંબઈ હાઈવે પર પેટ્રોલીંગ દરમિયાન પો.ઈન્સ. આર.ડી. ભરવાડને બાતમી મળી હતી કે, મરૂણ કલરનું આયશર ટ્રક (નંબર GJ-24-X-7055) માં ચાલક પોતે કબ્જાવાળા આયશરના ઉપરના ભાગે ગુપ્ત ખાનું (કેરિયર) બનાવી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ગોધરા તરફથી ભરીને વડોદરા તરફ જનાર છે. જે બાતમીના આધારે કાલોલ સર્વેલન્સ સ્ટાફે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. દરમીયાન આયશરના ચાલકને રોકવાનો ઈશારો કરતા, ચાલકે પોતાના કબ્જાનું આયશર રોક્યું નહતું અને પુર ઝડપે હંકારી પલટી ખવડાવી ઝાડી-ઝાંખરામાં નાસી છૂટ્યો હતો. આ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન એક્ટ તથા એએમવી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે અને ફરાર ચાલકની શોધખોળ તથા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

જાહેર નોટીસ અરજદારના વ. શ્રી ડી.કે.નીનામા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૧૫૯/૨૦૨૬ મુદત તારીખ - ૦૯/૧૦/૨૦૨૬

અરજદાર: પ્રતાપભાઇ વાંઘજીભાઇ બારીયા રહે. કોકસા ફળીયુ, કદવાલ, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, કદવાલ તા. ઝાલોદ, જી. દાહોદ

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના લગ્ન તેમની પત્નિ લતાબેન સાથે આદિવાસી સમાજના રીત-રીવાજ મુજબ થયેલ અને તેમના લગ્નજીવનથી તેમને સંતાનમાં એક દીકરી દ્રષ્ટિબેન પ્રતાપભાઇ બારીયાનો જન્મ તા. ૧૫/૧૨/૨૦૦૮ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજાણતા અને અભણ હોવાના કારણે તેમની પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, ઠાલમાં તેઓની પુત્રીને આધારકાર્ડ માટે તથા અભ્યાસ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રીનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૧૫૯/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો થા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો થા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૩મી ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

જાહેર નોટીસ અરજદારના વ.શ્રી એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૫૪૮/૨૦૨૬ મુદત તારીખ-૧૨/૧૦/૨૦૨૬

અરજદાર: ભાભોર લાજરેશભાઇ રાજુભાઇ રહેવાસી ધાવડીયા, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત ધાવડીયા તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી અને પુત્ર ભાભોર કાજલકુમારી લાજરેશભાઇ અને ભાભોર વિરાજભાઇ લાજરેશભાઇ નો જન્મ તા. ૧૬/૧૦/૨૦૧૬ અને ૦૨/૦૯/૨૦૨૦ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રી અને પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, ઠાલમાં તેઓની પુત્રી અને પુત્રના અન્વ સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૦૧/૧૦/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રી અને પુત્રનુ નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૪૮/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૫ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ